ગાંધીનગર સમાચાર

# રાષ્ટ્રીયસ્તરે ૧૨ રાજ્યની ૨૭ યુનિવર્સિટીમાં સર્વ શ્રેષ્ઠ ટીમ તરીકે ટીમ પસંદગી પામી

**ઓડિશા રાજ્યની ઉત્કળ યુનિવર્સિટી ખાતે આયોજિત સાત દિવસીય નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી કડી સર્વ વિશ્વવિદ્યાલય NSS ટીમ : રાષ્ટ્રીયસ્તરે ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને "બેસ્ટ ટીમ એવોર્ડ" પ્રાપ્ત કરી ગુજરાત રાજ્ય તથા યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય ની ટીમ તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં ભારતના વિવિધ ૧૨ રાજ્યોની ૨૭ યુનિવર્સિટીઓના કુલ ૧૬૮ સ્વયંસેવકો જોડાયા હતા. કેમ્પમાં ગુજરાત, ઓડિશા, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, આસામ, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને મેઘાલય જેવા રાજ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન અને શુભેચ્છાઓ સાથે સમગ્ર ટીમને ઓડિશા મોકલવામાં આવી હતી. કેમ્પ દરમ્યાન વિવિધ સર્જનાત્મક અને સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડાન્સ, ડ્રોઇંગ, વક્તૃત્વ સ્પર્ધા, મોનો એક્ટિંગ, ક્વિઝ, ગીત ગાયન અને નિબંધ લેખન જેવી સ્પર્ધાઓમાં યુનિવર્સિટીની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કેમ્પમાં યોજાયેલી "મારા રાજ્યને જાણો" રજૂઆતમાં ગુજરાત રાજ્યની સંસ્કૃતિ, પરંપરા અને વારસા સહીતની અસરકારક રજૂઆત કરવામાં આવી હતી, જેને તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ ખૂબ પ્રશંસા કરી હતી. ઉપરોક્ત ટીમના વિદ્યાર્થીઓને તેઓની સંલગ્ન કોલેજોનાં આચાર્યો ડૉ.રમાકાંત પૃષ્ટિ, ડૉ વિજ્ઞા ઓઝા, ડૉ રૂપેશ વ્યાસ, ડૉ કપિલ ત્રિવેદી દ્વારા પણ સમગ્ર ટીમને અભિનદન પાઠવવામાં આવ્યા હતા.

બૌદ્ધિક સત્રોમાં નિષ્ણાતો દ્વારા સોશિયલ મીડિયાનો યુવાનો પર પ્રભાવ, યોગા અને આહાર, ઓડિસી નૃત્યનું મહત્વ, યુવા ચરિત્ર નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ તથા ભારતના બંધારણમાં જાગૃત નાગરિકના અધિકારો જેવા વિષયો પર માર્ગદર્શક વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. કેમ્પ દરમ્યાન સ્વયંસેવકોને ઓડિશાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત પણ કરાવવામાં આવી હતી, જેમાં કોણાર્ક સૂર્ય મંદિર, ધોલી બૌદ્ધ સ્તૂપ, ચંદ્રભાગા બીચ અને શ્રી જગન્નાથ મંદિર, પુરીનો સમાવેશ થાય છે. ત્યારબાદ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સ્વયંસેવકોને લિંગરાજ મંદિર, ચિલ્કા લેક, ઉદયગીરી અને ખંડગીરીની ગુફાઓનો પણ પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર ટીમને યુનિવર્સિટીના એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટી ટીમના લીડર તરીકે ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કેમ્પ દરમ્યાન તેમજ કેમ્પની તૈયારી દરમિયાન સ્વયંસેવકોનુંસંકલન કરવામાંઆવ્યુંહતું.

યુનિવર્સિટીના કુલ ૮ સ્વયંસેવકો મૌલી જાની, આદિત્ય પ્રજાપતિ, જયપાલસિંહ સોલંકી, કેવીલ મેંદપરા, કાર્તિક વરમોરા, નિકિતા દવે, મેઘના પ્રજાપતિ અને હેપ્પી ચૌહાણ જેઓ કડી અને ગાંધીનગર સ્થિત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ છે (BPCBA, SVICS, AAPCC, NPCCSM, MPCC, BPCCS) તેઓએ કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં ગુજરાતના રિજનલ ડાયરેક્ટર ડૉ. કમલ કુમાર કર, રીટા ડિસોઝા તેમજ ઓડિશાની ઉત્કળ યુનિવર્સિટીના પ્રોગ્રામ કોઓર્ડિનેટર બ્રિજમોહન પાત્રા અને રિજનલ ડાયરેક્ટર સરિતા પટેલ અને ઓડીશા રાજ્ય NSS અધિકારી ડૉ.રમેશ ચંદ્ર બેહરા સતત સહયોગ પ્રાપ્ત થયો હતો.






ગાંધીનગર સમાચાર
Date: 09/03/2026